ગાંધીનગર સમાચાર
તા. ૧-૧૧-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### નીલોફર નબળું પડયું

નીલોફર જેવું રૂપકડું નામ ધરાવતું વાવાઝોડું ગુજરાત-કચ્છની સરહદે પહોંચતાં પહોંચતાં નબળું પડી ગયું, એ શુભ સમાચાર ગણાય. હવામાન શાસ્ત્રીઓની ધારણા મુજબ એની મૂળ ઝડપે ફૂંકાયું હોત તો એથી કચ્છ-સૌરાષ્ટ્રના દરિયા કિનારે ભારે તારાજી ફેલાઇ હોય એમાં મીનમેખ નહી. કયારેક કુદરત જ કોપ કરી બેસે છે અને કયારેક એ જ કુદરતનો કોપ હળવો બનતાં મોટા નુકશાનમાંથી ઉગરી જવાતું હોય છે. કચ્છના ભૂકંપનો આપણને અનુભવ છે. એ પછી ગુજરાતને એવી ભારે તારાજીવાળા કુદરતી કેરનો સામનો નથી કરવો પડયો. હુડહુદ ચક્રવાતની જેમ દેશના પશ્ચિમ કાંઠે નીલોફર ઘણું નુકશાન કરી શક્યું હોત. સદનસીબે આપણે એમાંથી બચી ગયા છીએ. અલબત્ત, સરકારે કોઇ પણ વિપરીત પરિસ્થિતિને પહોંચી વળવાની તૈયારી રાખી હતી. આનંદીબેન પટેલે વાવાઝોડાને કારણે કોઇ પણ સંજોગોમાં જાનહાનિ ન થાય એની તકેદારી રાખવા પર ભાર મૂક્યો હતો. જાનહારિ માટે કલેકટરને જવાબદાર ગણવામાં આવશે, એવી ચીમકી આપીને ગુજરાતનાં મહિલા મુખ્યમંત્રીએ એમની ઠંડી તાકાતનો જ પરચો આપ્યો હતો.

•••

### પાંડિયનનો રાજયોગ પ્રબળ થયો

ગુજરાતના નવા મુખ્યસચિવ પદે પાંડિયન જેવા કાર્યદક્ષ અને પરિણામલક્ષી અધિકારીની નિમણૂક સૂચક છે. સૌથી વરિષ્ઠ અધિક મુખ્ય સચિવ નંદા આ પદ મેળવવા ઇચ્છુક હતા અને સામાન્ય શિરસ્તા મુજબ એ માટેના તેઓ હક્કદાર પણ હતા. પરંતુ આનંદીબેનને ‘રિઝલ્ટ’ જોઇએ છે. ગ્લોબલ સમિટ-વાઇબ્રન્ટ ગુજરાત શિખર પરિષદ જેવી ઇવેન્ટ્સના સમર્થ આયોજક તરીકે આ સિનિયર મોસ્ટ સનદી અધિકારી કરતાં પાંડિયન વધુ લાયક લાગ્યા એટલે એમને ઓવરટેક કરીને ઉપર ગોઠવી દીધા. જીએસપીસી જેવા ઉપક્રમ ઉપરાંત ઉદ્યોગવિભાગની સફળ કામગીરી બજાવી ચૂકેલાં સનિષ્ઠ અને કાર્યદક્ષ સનદી અધિકારીને ગુજરાતના નવા મુખ્યસચિવ તરીકે આવકારીએ એમનાં કાર્યકાળમાં ગુજરાત ભારતનું નંબર વન રાજય બની રહે, એવી શુભેચ્છા. મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ પણ ત્રણેક વરિષ્ઠ અધિકારીઓને સાઇડલાઇન કરીને ગુજરાતી સનદી અધિકારી પી.કે. લહેરીને ગુજરાતના મુખ્ય સચિવ પદે નિયુક્ત કર્યા હતા, તે ઘટના યાદ આવ્યા વગર ન રહે. તે વખતે સાઇડલાઇન કરાયેલા સિનિયર મોસ્ટ સનદી અધિકારી અશોક નારાયણને તકેદારી આયોગના અધ્યક્ષ બનાવાયા હતા. એ જ પદ્ધતિ પર શ્રીનંદાને ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ કંપનીના ચેરમેન અને એમ.ડી. બનાવી દીધા હતા. પોતાનાથી જુનિયર અધિકારી આગળ રિપોર્ટ કરવા જેવી ક્ષોભજનક પરિસ્થિતિમાંથી બચાવવા સરકારે આવો અભિગમ અપનાવ્યો હોવો જોઇએ. વેલકમ પાંડિયન સાહેબ, ગુજરાતને તમારી પાસે ઘણી મોટી આશાઓ છે.

## અનાથ એચઆઈવીગ્રસ્ત બાળકો માટે પાલક માતા-પિતા અને શિષ્યવૃત્તિની યોજનાઓ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં કેન્દ્ર સરકારની સંકલિત બાળ સુરક્ષા યોજના અંતર્ગત જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા જુવેનાઈલ જસ્ટીસ એક્ટ ૨૦૦૦ સુધારો-૨૦૦૬ મુજબ કાળજી અને રક્ષણની જરૂરિયાતવાળા બાળકો જેઓ અનાથ હોય અને એચઆઈવી પોઝીટીવ અસરગ્રસ્ત હોય તેમના માટે પાલક માતા-પિતા યોજના અને શિષ્યવૃત્તિની યોજનાનો લાભ આપવામાં આવી રહ્યો છે.

પાલક માતા-પિતા યોજનામાં શુન્યથી ૧૮ વર્ષની વયજુથના બાળકોનો સમાવેશ કરવામાં આવે છે. જેમાં પાલક માતા-પિતા બનવા તૈયાર દંપતિની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૨૭,૦૦૦ થી વધુ અને શહેરી વિસ્તારમાં રૂ. ૩૬૦૦૦ થી વધુ હોય તેમને લાયક ગણવામાં આવે છે. આ યોજના અંતર્ગત માસિક રૂ. ૧૦૦૦ ની સહાય આપવામાં આવે છે. જો કે ૩ થી ૬ વર્ષની ઉંમરના અનાથ બાળકોને આંગણવાડીમાં અને ૬ વર્ષથી ઉપરની ઉંમરના બાળકોને શાળાનું શિક્ષણ ફરજીયાત છે. જો બાળક અભ્યાસ બંધ કરી દે તો આ લાભ બંધ કરવામાં આવે છે.

એચઆઈવી પોઝીટીવ અસરગ્રસ્ત બાળકો માટે શિષ્યવૃત્તિની યોજના અંતર્ગત ધોરણ ૧ થી ૫ માં ભણતા બાળકોને રૂ. ૫૦૦ તેમજ સ્કૂલ યુનિફોર્મના ખર્ચ પેટે રૂ. ૧૫૦૦, ધોરણ ૬ થી ૧૦ સુધી વાર્ષિક રૂ. ૧૦૦૦ અને સ્કૂલ યુનિફોર્મના ખર્ચ પેટે રૂ. ૧૫૦૦ અને ધોરણ-૧૦ પછીના અભ્યાસક્રમ માટે ડે સ્કોલ લાભાર્થીને વાર્ષિક રૂ. ૪૦૦૦ તેમજ હોસ્ટેલ માટે રૂ. ૧૦,૦૦૦ મળવા પાત્ર છે. આ બંને યોજનાનો લાભ લેવા માટે લાભાર્થીઓએ ગાંધીનગર જિલ્લા બાળ સુરક્ષા એકમની સે. ૧૧ માં સહયોગ સંકુલમાં જિલ્લા કક્ષાની કચેરીઓ ખાતે આવેલી કચેરીનો સંપર્ક કરી વિના મૂલ્યે ફોર્મ મેળવી લેવાના રહેશે.

## સે-૧માં મફત ધ્યાનયોગ શિબિરનો આરંભ

ગાંધીનગર, તા.૩૧

દિવ્ય જીવનસંઘ અને ગાયત્રી શકિતપીઠ ગાંધીનગર દ્વારા દસ દિવસીય ધ્યાનયોગ શિબિર યોજવામાં આવશે. તા. ૧ થી ૧૦ નવેમ્બર દરમિયાન સવારે ૭ થી ૮.૧૫ કલાક સુધી સેકટર-૧ સ્થિત શ્રી ગાયત્રી શકિતપીઠ ખાતે શિબિર યોજવામાં આવશે. શિબિરમાં તાલીમ બધ્ધ યોગગુરુ દ્વારા યોગાસન, પ્રાણાયામ, તણાવ નિયંત્રણ, તેમજ શારિરીક-માનસિક રોગોને રોકવા માટેના આસનોનું પ્રશિક્ષણ આપવામાં આવશે. શિબિરમાં મોટી સંખ્યામાં નગરજનોને ઉપસ્થિત રહી લાભ લેવા જણાવવામાં આવ્યું છે.

## દલિત સમાજના યુવાનો માટે તાલીમ વર્ગો શરૂ કરાયા

ગાંધીનગર, તા.૩૧

સમસ્ત દલિત સમાજના ઉમેદવારો માટે સ્પર્ધાત્મક પરિક્ષા માટે તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. સરકાર દ્વારા વિવિધ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે ત્યારે સમસ્ત દલિત સમાજના ઉમેદવારો માટે તાલિમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. તાલીમ મેળવવા ઈચ્છુક યુવક યુવતીઓએ પ્લોટ નં. ૧૫૬૭/૨, સેકટર-૨-સી ખાતે નામ નોંધાવવા નિમેષ વાઘેલાએ જણાવ્યું છે.

## શાસ્ત્રીય સંગીતજ્ઞ પ્રભા અત્રેને તાના-રીરી એવોર્ડ

ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે વડનગર ખાતે યોજાતા તાના-રીરી સંગીત મહોત્સવમાં સંગીતક્ષેત્રના દીગ્ગજોને તાના-રીરી એવોર્ડ આપવામાં આવે છે. આ વર્ષે શાસ્ત્રીય સંગીતજ્ઞ પ્રભા અત્રેને તાના-રીરી એવોર્ડ આપવાનો નિર્ણય લેવાયો છે. આવતીકાલથી યોજાનાર દ્વિ દિવસીય સંગીત મહોત્સવમાં જુદા જુદા સંગીતક્ષેત્રના દિગ્ગજો પોતાની કળા પ્રદર્શિત કરશે.

## હરિની દૃષ્ટિ...




કાકા વોલી સરકાર તો આપણને લાઇનમાં ઊભા રાખતી હતી... આ તો દોડાવે છે..!

## GPSC પરીક્ષામાં ૭૫૦૦ ઉમેદવારો ઉતીર્ણ જાહેર થશે

### પરીક્ષાનું કટ ઓફ ૧૯૭ માર્કસ રહે તેવી શક્યતા : ટૂંક સમયમાં જ જાહેર થનાર પરિણામમાં મોટી સંખ્યામાં ઉમેદવારો ઉતીર્ણ જાહેર

અમદાવાદ, તા.૩૧

તા. ૧૨ ઓક્ટોબરે લેવામાં આવેલ જીપીએસસીની પરીક્ષાનું પરીણામ નજીકના દિવસોમાં જાહેર કરવામાં આવનાર છે ત્યારે આ પરીક્ષામાં કુલ ૭૦૦૦ થી ૭૫૦૦ જેટલા ઉમેદવારોને ઉતીર્ણ કરવામાં આવશે. જેના કારણે પ્રિલીમરી પરીક્ષાનું જનરલ કેટેગરીનું કટ ઓફ ૧૯૭ માર્ક રહે તેવી શક્યતા તજજ્ઞો વ્યક્ત કરી રહ્યા છે.

રાજયમાં વર્ગ-૧ અને ૨ના અધિકારીઓની ખાલી પડેલ ૩૭૪ જેટલી બેઠકોની ભરતી માટે તાજેતરમાં જીપીએસસીની પ્રિલીમરી પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષા માટે રાજયભરમાંથી અંદાજે ૭ લાખથી વધુ ઉમેદવારોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જો કે ૫૦ ટકા ઉમેદવારોએ જ પરીક્ષા આપી હતી. આ પરીક્ષાનું પરિણામ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવનાર છે ત્યારે રાજય સરકારના પરીક્ષા વિભાગના ઉચ્ચ સૂત્રો તરફથી મળતી માહિતી મુજબ પ્રિલીમરી પરીક્ષામાં ૭૦૦૦થી ૭૫૦૦ જેટલા ઉમેદવારોને ઉતીર્ણ જાહેર કરવામાં આવશે ત્યારબાદ જીપીએસસીની મેઈન પરીક્ષા લેવામાં આવશે. જેમાં ૧૧૦૦ જેટલા ઉમેદવારોને ઉતીર્ણ કરવામાં આવશે. જે ઉમેદવારોને ગ્રુપ ડિસ્કસન અને પર્સનલ ઈન્ટરવ્યૂમાં ભાગ લેવાની તક આપવામાં આવશે આ સાથે જ જીપીએસસીની પ્રિલીમરી પરીક્ષાનું જનરલ કેટેગરીનું કટ ઓફ ૧૯૭ માર્ક રહે તેવી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે જ્યારે ઓબીસી કેટેગરીનું કટ ઓફ ૧૯૧ માર્ક, એસસી કેટેગરીનું કટ ઓફ ૧૭૬ માર્ક અને એસટી કેટેગરીનું કટ ઓફ ૧૬૨ માર્ક રહે તેવી શક્યતા નિષ્ણાંતો વ્યક્ત કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે જીપીએસસીએ સૌપ્રથમ વખત માઈનસ માર્ક્સ પદ્ધતિ દાખલ કરી છે જે અંતર્ગત એક પ્રશ્નનો જવાબ ખોટો આપવામાં આવે તો ૦.૩૩ ટકા માર્ક્સ કાપી લેવામાં આવશે. આ પદ્ધતિનો અમલ પ્રથમ વખત કરવામાં આવ્યો હોવાથી કેટલાક ઉતાવળીયા ઉમેદવારો માટે તે ઘાતક સાબીત થશે.

## સરદારનું અમદાવાદ, અમદાવાદના ‘સરદાર’ ગ્રંથ બ્રેલ આવૃત્તિનું કરાયેલ લોકાર્પણ



અમદાવાદ, તા.૩૧

શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ૧૯૧૩થી ૧૯૨૯ સુધી અમદાવાદ મ્યુનિસિપાલિટીના કાઉન્સેલર પદે રહ્યા હતા અને ૧૫૫૫ દિવસ પ્રમુખ તરીકે આધુનિક અમદાવાદનું નિર્માણ કર્યું હતું. વર્ષ ૨૦૦૩માં શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સવામીજી મહારાજની પ્રેરણા અને પ્રોત્સાહનથી ડૉ. રીઝવાન કાદરી દ્વારા લખાયેલ સંશોધન ગ્રંથ ‘સરદાર પટેલ એક સિંહ પુરુષ’ પ્રસિદ્ધ થયેલ જેની પાંચ આવૃત્તિ પ્રસિદ્ધ થઈ છે. પરંતુ એક નાનકડા પુસ્તકની જરુરિયાત હોવાથી અમદાવાદના મેયર શ્રીમતી મીનાક્ષીબહેનના કહેવાથી સરદારનું અમદાવાદ-અમદાવાદના ‘સરદાર’ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું. આ પુસ્તકની ગુજરાતી તેમજ અંગ્રેજી બ્રેલ આવૃત્તિ પ્રજ્ઞાચક્ષુઓને અર્પણ કરવામાં આવી હતી.

પ્રથમ કક્ષાના સાધનોથી સર્જાયેલું બ્રેલ ભાષામાં અંગ્રેજી/ગુજરાતીમાં પ્રસિદ્ધ થયેલ ભારતમાં સૌ પ્રથમ આ ગ્રંથ છે. આ પ્રસંગે મેયર શ્રીમતી મિનાક્ષીબેન પટેલ, ડેપ્યુટી મેયર શ્રી બીપીનભાઈ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણભાઈ પટેલ, ધારાસભ્યશ્રી ભુષણભાઈ ભટ્ટ, સદગુરુ શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામી મહંત, શંતશિરોમણિ શ્રી ધર્મનંદદાસજી સ્વામી, દિલ્હી મંદિર-મહંત, સદ્‌ગુરુ શ્રી મૂનિભૂષણદાસજી સ્વામી-ડે. મહંત વિગેરે સંતવૃંદ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ચરોતરમાં ત્રિવિધ ક્રાંતિના પ્રણેતા અને અખંડ ભારતના શિલ્પી વલ્લભભાઈ પટેલનો દેશ સદાય ઋણી રહેશે : ડૉ.સી.એલ.પટેલ

ચારુતર વિદ્યામંડળ (સીવીએમ)ના પ્રેરણાપુરુષ, અખંડ ભારતના શિલ્પી અને ચરોતરના સપૂત સરદાર વલ્લભભાઈ પટેલના ૧૪૦મા જન્મદિનની સીવીએમના અધ્યક્ષ ડો. સી. એલ. પટેલના અધ્યક્ષસ્થાને બ્રહ્માજીની પ્રતિમાની સાક્ષીએ સીવીએમ મુખ્યાલય ખાતે દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પહેલાં ડો.પટેલના નેતૃત્વમાં નગરમાં સ્થાપિત વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવા માટે ભગિની સંસ્થા ચરોતર ગ્રામોધ્ધાર મંડળના અધ્યક્ષ શ્રી વિક્રમભાઈ પટેલ, સીવીએમના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલ, માનદ કાર્યકારી મંત્રી ડો.જે.ડી.પટેલ તેમ જ માનદ સહમંત્રીઓ શ્રી વી.એમ.પટેલ, શ્રી બી.પી.પટેલ, ડો.એસ.જી.પટેલ, શ્રી એમ.જે.પટેલ તેમ જ પ્રિ.આર.સી.દેસાઈ ઉપરાંત વિવિધ શિક્ષણ સંસ્થાઓના




વડાઓ, અધ્યાપકો-શિક્ષકો, વિદ્યાર્થીઓ અને નગરજનો બહોળી સંખ્યામાં જોડાયાં હતાં.

ચારુતર વિદ્યામંડળસંચાલિત સરદાર પટેલ સંશોધન સંસ્થા(સેરલિપ)ના ઉપક્રમે સરદાર પટેલની ૧૩૯મી જન્મજયંતીને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવણીના ભાગરૂપે સેરલિપ સંકુલથી સરદાર પટેલની પ્રતિમા સુધી યોજાયેલી રન ફોર ધ યુનિટીમાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓ જોડાયાં હતાં અને ચારુતર વિદ્યામંડળના અધિપતિ અને સેરલિપના સંસ્થાપક ડો.પટેલ અને સાથી માનદ મંત્રીઓએ તેનું સ્વાગત કયુ હતું.

ચારુતર વિદ્યામંડળ મુખ્યાલયમાં યોજાયેલા સમારંભનું અધ્યક્ષસ્થાન સીવીએમના અધ્યક્ષ ડો.સી.એલ.પટેલે સંભાળ્યું હતું અને તેમણે ચારુતર વિદ્યામંડળ જ નહીં, સમગ્ર દેશ પર સરદાર પટેલનું ઋણ હોવાનું સ્પષ્ટ કરી તેમના આદર્શોને જીવનમાં ઉતારવાની હાકર કરી હતી. ડો.પટેલે ચરોતર પ્રદેશમાં ત્રિવિધ ક્રાંતિ માટેના વલ્લભભાઈના યોગદાનને યાદ કરીને કહ્યું હતું કે આઝાદી પહેલાં હરિયાળી ક્રાંતિ, શ્વેત ક્રાંતિ અને જ્ઞાન ક્રાંતિનાં બીજ વાવવાનું સરદાર પટેલે વિચાયુ અને આજે એનાં મીઠાં ફળ આપણે પ્રાપ્ત કરી રહ્યા છીએ. સરદાર સાહેબે પૂ.ભાઈકાકા અને પૂ.ભીખાભાઈ સાહેબને ચારુતર વિદ્યામંડળની સ્થાપનાથી શિક્ષણ યજ્ઞ આરંભવાની પ્રેરણા આપી અને તેમના અનુગામી ડો.એચ.એમ.પટેલ સાહેબે એ કામગીરીને સુપેરે આગળ ધપાવી. પોતાના પૂર્વસૂરિઓના પગલે ચાલીને તેમણે આરંભેલા શિક્ષણયજ્ઞની જયોતને પ્રજવલિત રાખી એકવીસમી સદીને અનુરૂપ વિશ્વકક્ષાનું શિક્ષણ ઘરઆંગણે ઉપલબ્ધ કરાવવા માટે દાતાઓ, સભ્યશ્રીઓ અને શિક્ષણસંસ્થાઓના આચાર્યો અને કર્મચારીઓના સહયોગથી વિકાસનાં નવાં સોપાન સર કરાઈ રહ્યાનું પણ તેમણે જણાવ્યું હતું.

ડો.પટેલે ઉમેયુ હતું કે ‘એટમબોમ્બ બનાવનારના બાવલાં બનતાં નથી, પણ પ્રજામાં એટમબોમ્બ જેવી શક્તિ પેદા કરીને લોકચેતના જગાડનારના વાહવાહ થાય છે અને તેમનાં સ્મારકો રચાય છે.’ ગાંધીજીને સમર્પિત સરદાર સાહેબના યોગદાન અને જીવનનાં વિવિધ પાસાં અંગે ઉલ્લેખ કરીને તેમણે સરદાર વંદનાને સૌની પવિત્ર ફરજ લેખાવી હતી.

આ પ્રસંગે ચરોતર ગ્રામોધ્ધાર મંડળના અધ્યક્ષ શ્રી વિક્રમભાઈ પટેલે સરદાર પટેલના જીવનના ચાર તબાઓનો ઉલ્લેખ કરીને તેમના યોગદાન અને જીવનમાં આવેલા પલટાઓની છણાવટ કરીને સરદાર પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો. ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલે સ્વાગત પ્રવચનમાં વર્ષોના વર્ષ જેની સ્મૃતિ વધુને વધુ પ્રબળ થતી જાય છે એવા સરદાર પટેલના બાળપણના પ્રસંગોને હળવાશથી રજૂ કર્યા હતા. તેમણે સરદારમાં સિંહનું કાળજું હોવાનો ઉલ્લેખ કર્યો અને તેમની ગર્જનાથી અંગ્રેજો અને નવાબો પણ ગભરાતા હોવાનું દર્શાવતી કાવ્યપંક્તિ પણ રજૂ કરી હતી. ગાંધીજીને મળ્યા ત્યારથી પોતાની બધી જ મહેચ્છાઓ અગ્નિના તાપમાં હોમી દઈને સંપૂર્ણપણે રાષ્ટ્રહિત અને રાષ્ટ્રભક્તિમાં લીન રહેલા સરદારના ૧૪૦મા જન્મદિન અને ૧૩૯મી જન્મજયંતીની ઉજવણી થકી તેમના જીવન અને કવનના નવા પાસાઓથી સમાજ માહિતગાર થઈ રહ્યો હોવા અંગે આનંદ વ્યક્ત કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સેરલિપના નિયામક ડો.હરિ દેસાઈએ કર્યું હતું. આભાર દર્શન સીવીએમના માનદ સહમંત્રી ડો.એસ.જી.પટેલે કયુ હતું. પ્રારંભમાં રમા-મનુભાઈ દેસાઈ કોલેજ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સના કલાવૃંદે પ્રાર્થના રજૂ કરી હતી. આ પ્રસંગે માનદ સહમંત્રીશ્રીઓ, ગવનિંગ્ગ કાઉન્સિલ અને ગવનિંગ્ગ બોડીના સભ્યો, વિવિધ શિક્ષણ સંસ્થાઓના આચાર્યો સહિત સરદારપ્રેમીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત હતાં. સરદાર પટેલના જીવન અને કાર્યો અંગે સેરલિપનાં કુ.દીપિકા ડુંગરિયા, દિવ્યેશ પટેલ, કુ.કુસુમ રોહિત, પ્રા.રિયાઝ દીવાન તેમ જ નલિની કોલેજના ડો.શિવપ્રસાદ શુકલાએ વક્તવ્યો આપ્યાં હતાં. વહેરાની ધ એકસેલેન્ટ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલની વિદ્યાર્થીની નંદની એસ.પટેલે પણ સરદાર પ્રત્યે ભાવ વ્યક્ત કર્યો હતો.



ચારુતર વિદ્યામંડળ થકી સરદાર પટેલના જીવન અને કાર્યોનો વ્યાપકપણે સમાજમાં પ્રચાર-પ્રસાર થાય તે હેતુસર સેરલિપના ઉપક્રમે સરદાર પટેલ જ્ઞાનવર્ધક કસોટી અંતર્ગત યોજાયેલી જિલ્લાકક્ષાની નિબંધસ્પર્ધામાં આણંદ જિલ્લાની ૪૪ શાળાઓનાં ૭૦૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હોવાનું આ સ્પર્ધાના સંયોજક અને સેરલિપના અધ્યાપક ડો.વસંત પટેલે આ તબે જાહેરાત કરી હતી. જિલ્લાના શિક્ષણાધિકારીના સહયોગથી સેરલિપઆયોજિત નિબંધ સ્પર્ધામાં પ્રાથમિક તેમ જ માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં વિજેતા થયેલાં વિદ્યાર્થીઓને મહાનુભાવોને હસ્તે પુરસ્કૃત કરવામાં આવ્યા હતાં. નિબંધસ્પર્ધા માટેના નિર્ણાયકોમાં ડો.વસંત પટેલ, ડો.પારુલટીના દોશી, ડો.જયદીપ દેસાઈ અને પ્રા.અંકિત પટેલનો સમાવેશ હતો. આ પ્રસંગે સારસાની એમ.વી.એસ.હાઈસ્કૂલ અને વહેરાની ધ એકસેલેન્ટ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનું નિબંધસ્પર્ધા માટે પોતાનાં વિદ્યાર્થીઓને વિશિષ્ટ રીતે તૈયાર કરવા બદલ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. અધ્યક્ષ ડો.સી.એલ.પટેલને હસ્તે એમ.વી.એસ.હાઈસ્કૂલના આચાર્ય શ્રી જયેશ શાહે અને શ્રી વિક્રમભાઈ પટેલને હસ્તે વહેરાની ધ એકસેલેન્ટ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના શિક્ષક શ્રી કુલદીપસિંહ સોલંકીએ સન્માન સ્વીકાર્યું હતું.

નિબંધસ્પર્ધામાં ધોરણ ૫ થી ૮ના પ્રાથમિક વિભાગમાં વહેરાની ધ એકસેલેન્ટ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલની સોલંકી હની કુલદીપસિંહને પ્રથમ રૂા.૧,૦૦૦/-નું રોકડ ઈનામ અને પ્રમાણપત્ર સીવીએમના અધ્યક્ષ ડો.પટેલને હસ્તે એનાયત કરાયું હતું. આ જ વિભાગમાં આ જ સ્કૂલની પટેલ માનસી ટી. ને રૂા.૫૦૦/-નું દ્વિતીય ઈનામ શ્રી વિક્રમભાઈને હસ્તે અને આણંદની કસ્તુરબા કન્યા વિદ્યાલયની મિસ્ત્રી ધરા પરેશભાઈને રૂા.૨૫૦/- નું તૃતીય ઈનામ પ્રિ.શનુભાઈને હસ્તે અપાયું હતું.

નિબંધસ્પર્ધામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પ્રથમક્રમે આવનાર આઈ.બી.પટેલ ઈંગ્લિશ સ્કૂલ, વલ્લભ વિદ્યાનગરની તિવારી મનિષા બી.ને મળેલું રૂા.૨,૦૦૦/-નું રોકડ ઈનામ અને પ્રમાણપત્ર શાળાના આચાર્ય ડો.મહેશ ખ્રિસ્તીએ સીવીએમના અધ્યક્ષ ડો.પટેલ પાસેથી સ્વીકાયુ હતું. સરદાર પટેલ હાઈસ્કૂલ, બોરીયાવીની અજમેરી સાજેદાબેન યુસુફભાઈને રૂા.૧,૦૦૦/-નું દ્વિતીય ઈનામ અને એમ.વી.એસ.હાઈસ્કૂલ, સારસાના શર્મા અંશુ મહેશભાઈને રૂા.૫૦૦/-નું તૃતીય ઈનામ એનાયત કરવામાં આવ્યું હતું. ઉપરાંત વિવિધ આશ્વાસન ઈનામો જાહેર કરવામાં આવ્યાં હતાં.

## ચારુતર વિદ્યામંડળના પ્રેરણાપુરુષ સરદાર પટેલના ૧૪૦મા જન્મદિવસની દબદબાભેર ઉજવણી : સૅરલિપના ઉપક્રમે ‘રન ફૉર ધ યુનિટી’નું આયોજન : સરદાર પટેલ જ્ઞાનવર્ધક કસોટી અંતર્ગત નિબંધ સ્પર્ધાનાં વિજેતાઓને પુરસ્કૃત કરાયાં